# વઘઈમાં રિવરલિંક પ્રોજેકટનાં વિરોધ : મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

(દમણગંગા ટાઇમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૫ :** રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં પાર તાપી અને નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ અંતર્ગત નિર્માણ થનાર મહાકાય ડેમોનું ભૂત ફરી ધૂણી ઊઠ્યુ છે. થોડા દિવસ પૂર્વે ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાનાં ચીકાર ગામ નજીક અંબિકા નદીનો સર્વે કરવા માટે નવસારી સિંચાઈ વિભાગની ટીમ ગઈ હતી. ડાંગ જિલ્લાનાં ચીકાર ગામે સર્વે કરવા ગયેલી ટીમને ગ્રામ જનોએ ભગાડી મુકતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

ડેમ હટાવો, જંગલ બચાવો, ડાંગ બચાવો સંઘર્ષ સમિતિ ડાંગનાં આગેવાનો તથા વાંસદાનાં ધારાસભ્ય અંનતભાઈ પટેલ દ્વારા રાજયનાં રાજયપાલ અને મુખ્યમંત્રીને સંબોધીને વઘઇ મામલતદારને આવેદનપત્ર પાઠવી જણાવ્યુ હતુ કે ઘણા લાંબા સમયથી પાર તાપી નર્મદા જોડાણ યોજના બાબતે આદિવાસી સમાજનો સખત વિરોધ થઈ રહ્યો છે. પરંતુ મુખ્યમંત્રી દ્વારા મૌખિકમાં જાહેરાત કર્યા બાદ લેખિતમાં જાહેર કર્યું ન હતુ. આશરે પાંચ-છ મહિનાઓથી સૂચિત ડેમ અસરગ્રસ્ત વિસ્તારોનાં ગામોમાં વિવિધ નામો હેઠળ લોકોને અંધારામાં રાખી અલગ અલગ વિસ્તારમાં સર્વે કરવામાં આવી રહ્યા છે. જેથી પાર તાપી અને નર્મદા રિવરલિંક જોડાણ યોજના રદ કરવા અંગેની જાહેરાત મુજબનું સ્વેતપત્ર બહાર પાડવામાં આવે અને આદિવાસી સમાજ સાથે થયેલ વિશ્વાસઘાતની લાગણી દૂર કરવાની માંગ કરી હતી. ડાંગ જિલ્લાનાં વઘઇ ખાતે મહાકાય ડેમોનાં વિરોધમાં યોજાયેલ જાહેરરેલી અને ધરણા પ્રદર્શન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી પાર તાપી અને નર્મદા રિવરલિંક પ્રોજેક્ટનો વિરોધ નોંધાવ્યો હતો.

# શૈલેષ પટેલના શાર્પ શુટરો ઝડપાયાની ચર્ચા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૫ :** વાપીના કોચરવા ગામે વર્ષો જૂની દુશ્મનાવટમાં વાપી તાલુકા ભાજપના ઉપપ્રમુખ શૈલેષભાઈ પટેલની એક માસ પહેલા વહેલી સવારમાં મંદિરે દર્શન કરવા ગયેલા હતા. તે દરમિયાન પ્રી પ્લાન થી યુપી થી સાપ સુટર બોલાવી ફાયરિંગ કરી હત્યા કરવામાં આવી હતી. જે પ્રકરણમાં અગાઉ પોલીસે કોચરવા ગામના શરદ પટેલ વિપુલ પટેલ મિતેશ પટેલ અજય ગામીત અને સોનુ સિંગની અટકાયત કરવામાં આવી હતી. ત્યારબાદ હાલમાં જ વાપી પોલીસે ઉત્તર પ્રદેશથી ત્યાંની નામચીન ગેંગના બે શાર્પશુટરો ને સ્થાનિક પોલીસની મદદથી ઝડપી પાડ્યા હોવાની ચર્ચા વાપી પંથકમાં ચાલી રહી છે.

# છરવાડામાં નેપાળી મહિલા હત્યા પ્રકરણમાં શકમંદોની પુછપરછ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૫ :** વાપીના છરવાડા ગામે ગત રાત્રે નેપાળી મહિલાની હત્યા પ્રકરણમાં ડુંગરા પોલીસે અનેક શંકાસ્પદ ઈસમોની પૂછપરછ હાથ ધરાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે હત્યા કરનાર પરિચિત હોવાની પણ શંકા સ્થાનિક લોકો કરી રહ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપીના છરવાળા ગામે આવેલ રમજાન વાડીના ગુરુકૃપા એપાર્ટમેન્ટમાં રહેતા મૂળ નેપાળના પરિવારના સભ્ય સેલવાસની હોટલમાં નોકરી પર હતો. તે દરમિયાન ગત મંગળવાર ની રાત્રે થી બુધવારની વહેલી સવાર સુધીમાં કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ઘરમાં બે બાળકી સાથે રહેતી ૨૫ વર્ષની લક્ષ્મી અર્જુન પારકીની ગળું દબાવી હત્યા કરવામાં આવી હતી. જે અંગે ની જાણ ડુંગરા પોલીસમાં કરવામાં આવતા પોલીસે સમગ્ર રમજાન વાળી વિસ્તારના શંકાસ્પદ ઈસોમો તેમજ ગુરુકુપા એપાર્ટમેન્ટમાં રહેતા અનેક લોકોની પૂછપરછ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે આ મહિલાની હત્યા કરનારા તેમના પરિચિત હોવાનું અથવા તેમની હત્યા કરનાર તેમના બિલ્ડીંગમાં જ રહેતો હોય જે અંગેની ચર્ચા સ્થાનિક લોકો કરી રહ્યા છે. જો કે પોલીસે હાલમાં અનેક બિલ્ડિંગોના તેમજ દુકાનોમાં લગાવવામાં આવેલ સાથે મુખ્ય રસ્તા પરના સીસીટીવી ફૂટેજ મેળવી અત્યારે ઝડપી પાડવા ના ચક્રો પણ ગતિમાન કર્યા છે.

## શિમલામાં યોજાયેલ અખિલ ભારતીય નૃત્ય અને નાટક સ્પર્ધામાં

# દમણ બાલ ભવન બોર્ડની વિદ્યાર્થીનીઓ દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૫ :** ઓલ ઈન્ડિયા આર્ટિસ્ટ એન્ડ એસોસિએશન દ્વારા શિમલામાં ૬૮મી ઓલ ઈન્ડિયા ડાન્સ એન્ડ ડ્રામા કોમ્પિટીશન આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દમણ બાલ ભવનની વિદ્યાર્થિનીઓ ક્લાસિકલ ડાન્સ (ભરતનાટ્યમ) માં ભાગ લઈ ઉત્કૃષ્ટ કલા પ્રદર્શિત કરી હતી, સમૂહ નૃત્યમાં તૃતીય, એકલ નૃત્યમાં પ્રોત્સાહન અને લોકનૃત્યમાં બીજું સ્થાન મેળવ્યું હતું.

૦૬ થી ૧૦ જૂન ૨૦૨૩ દરમિયાન શિમલામાં આયોજિત ૬૮મી અખિલ ભારતીય નૃત્ય અને નાટક સ્પર્ધામાં ભારતભરના વિવિધ રાજયોમાંથી ૩૫૦ ટીમોના ૧૦૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં દમણ બાલ ભવન બોર્ડની વિદ્યાર્થીનીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને 3D નું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં ગ્રુપ ડાન્સમાં આર્યા મહેતા, તેજસ્વી પટેલ, જીવીશા શુક્લા, હિમાની સિધ્ધા કાંક્ષતિ કામલી અને ધ્વીતિ પટેલે તૃતીય સ્થાન મેળવ્યું હતું. હિમાની સિધ્ધા એ સોલોમાં ચોથો નંબર મેળવ્યો અને લોકનૃત્યમાં બાલભવનની વિદ્યાર્થીની દેવાંશા શુક્લાએ બીજો નંબર મેળવ્યો. આ તમામ સ્પર્ધક વિદ્યાર્થીનીઓને બાલ ભવનના ભરતનાટ્યમ શિક્ષિકા જહાન્વી દેસાઈ દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

# વાપીની બેંકમાંથી ઉપાડેલ રોકડની જાહેરમાર્ગ પરથી ચીલઝડપ

દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૫ :** વાપીમાં બેંકમાંથી રોકડ ઉપાડીને એટીએમ માં તેમની પાસબુકમાં એન્ટ્રી કરાવવા ગયેલા ઈસમને તેની પાછળ આવેલા બે ઈસમોએ કાગળની ગટ્ટી રૂમાલમાં વીંટાળી તેની થેલીમાં મૂકી રૂપિયા ૨૬,૫૫૦ ની ચીલ ઝડપ કરી ફરાર થઈ જતા પોલીસમાં ફરિયાદ કરાય છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વાપીના આઝાદ નગર ખાતે આવેલ આદિનાથ કો ઓ સેવિંગ એન્ડ કેડીટ સોસાયટી માં પ્યુન તરીકે નોકરી કરતા રૂસ્તમભાઈ ખુશાલભાઈ પટેલ રહે દુમલાવ નાઓ બે દિવસ પહેલા વાપીના ઝંડા ચોક ખાતે આવેલ બેન્ક ઓફ ઈન્ડિયા માંથી તેમની બેંકના સેલ્સ ચેક લઈ ?૨૬,૫૫૦ ઉપાડવા માટે ગયા હતા।। તે દરમિયાન પૈસા ઉપાડી બેંકમાંથી બહાર આવી પોતાની અન્ય બેંકની પાસબુકમાં એન્ટ્રી કરાવવા માટે એટીએમમાં ઊભો હતો. ત્યારે તેની પાછળ ઉભેલા બે ઈસમોએ તેને વાતમાં ફેરવી તેની પાસે રહેલા કેટલાક રૂપિયા બેંકમાં જમા નહીં કરાવી તમને આપી દેવું એમ કહી તેની પ્લાસ્ટિકની થેલીમાં રહેલા રોકડ માં મૂકવાના બહાને ?૨૬,૫૫૦ નજર ચૂકવી ચીલ ઝડપ કરી ભાગી ગયા હતા. જે અંગે વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે હાલમાં સીસીટીવી ફૂટેજ મેળવી ચીલ ઝડપ કરનારા ઈસોમો ને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# વિદ્યાર્થીઓનું જાતિ વિષયક અપમાનના આરોપમાં દુલસાડની શિક્ષિકાને ફરજમુકત કરવા રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ તાલુકાના દુલસાડગામની મુખ્ય પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષિકાએ શાળામાં ભણતા આદિવાસી વિદ્યાર્થીઓને જાતિ વિષયક ગાળો આપી અપમાન કરવાની ઘટના બનતા ધરમપુર તાલુકા પંચાયતના સભ્યએ આજરોજ વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી, ધરમપુર પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી શિક્ષિકાને તાત્કાલિક ફરજ મુક્ત કરવા માટે માંગણી કરી છે. જો આ મુખ્ય શિક્ષિકા પર તાત્કાલિક કાર્યવાહી કરવાંમાં ન આવી તો આગામી દિવસમાં આ શિક્ષકના

### તાત્કાલિક કાર્યવાહી કરવાંમાં ન આવી તો આગામી દિવસમાં આ શિક્ષકના વિરોધમાં કાર્યક્રમની શકયતા

વિરોધ માં કાર્યક્રમ કરવાની ફરજ પડ છે. ધરમપુર તાલુકા પંચાયતના અપક્ષ સભ્ય કલ્પેશભાઈ પટેલે આજરોજ વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી અને ધરમપુર પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆત કરી છે કે વલસાડ તાલુકાના દુલસાડ ગામની પ્રાથમિક શાળા આવેલ છે. આ પ્રાથમિક શાળામાં આદિવાસી સહિત અન્ય ગરીબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા આવ્યા છે. શાળાની મુખ્ય શિક્ષિકા તરીકે ફરજ બજાવતી રેખાબેન સોલંકી શાળામાં ભણતા આદિવાસી વિધાર્થીઓને જાતિ વિષયકમાં શબ્દો વાપરી બાળકો અને સમસ્ત આદિવાસી સમાજનું અપમાન કરેલ હોય અને આદિવાસી સમાજ હોય કે બીજો અન્ય સમાજ હોય એમને જાતિ વિષયક અપમાન કરવાનો અધિકાર કોણે આપ્યો શિક્ષકએ બાળકોને શિક્ષણ આપવાનું હોય ન કે જાતિ વિષયક અપમાન કરવાનું આવી હલકા પ્રકારની માનસિકતા ધરાવનાર શિક્ષકને તાત્કાલિક ફરજમુક્ત કરવામાં આવે અને એટ્રોસિટી એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં બાબતે રજુઆત કરવામાં આવી છે.

# બાલદામાં ઝેરી દવા પીનાર ઈસમનું સારવાર દરમિયાન મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૫ :** પારડી તાલુકાના બાલધા ગામમાં રહેતા ૪૧ વર્ષીય યુવાન ઉંદર મારવાની ઝેરી દવા પી ગયા બાદ એનું વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. અહીં બાલદા ગામમાં સડક ફળિયામાં રહેતા જીતેશભાઈ બાબુભાઈ કોળી પટેલ ઉમર ૪૧ પોતાના ઘરે કોઈ આગમ્ય કારણસર ઉંદર મારવાની દવા પી ગયા બાદ એના ઘરવાળાઓને ખબર પડતા પારડી સરકારી દવાખાનામાં સારવાર અર્થે લઈ ગયા હતા. જ્યાંથી વલસાડ સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે જીતેશભાઈને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન જીતેશભાઈ નું મોત થયું છે. ઉપરોક્ત બનાવનાર હકીકતની પારડી પોલીસ મથકમાં રાજેશભાઈએ જાણ કરતા પારડી પોલીસે અકસ્માતમાં દાખલ કરી આ બાબતની વધુ તપાસ ધરી છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME **HASTI JUGAL CHARANIYA** TO NEW NAME **HASTI JUGAL** PLEASE NOTE **SD : HASTI JUGAL**

**CHANGE OF NAME**

WE JUGAL BICA AND **RASNA JUGAL** CHANGE MY MINOR SON OLD NAME **PRACHAY JUGAL CHARANIYA** TO NEW NAME **PRACHAY JUGAL**

**CHANGE OF NAME**

WE JUGAL BICA AND **RASNA JUGAL** CHANGE MY MINOR SON OLD NAME **DAKSH JUGAL CHARANIYA** TO NEW NAME **DAKSH JUGAL**

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME **RASNABEN JUGAL CHARANIYA/RASNA JUGAL CHARANIYA** TO NEW NAME **RASNA JUGAL** PLEASE NOTE **SD : RASNA JUGAL**

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM **PATEL RAHUL JAMNADAS & RAHULKUMAR JAMNADASBHAI PATEL** TO **RAHULKUMAR JAMNADAS PATEL** ADDRESS: - 236/10, KOLIWAD, BHENSLORE, NANI DAMAN-396210

**-:: જાહેર નોટીસ ::-**

આથી જાહેર જનતાને જણાવવાનુ કે વલસાડ ડીસ્ટ્રીકટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીસ્કટ વાપી તાલુકાના મોજે **વાપી** જી.આઈ.ડી.સી.ની હદમાં આવેલ **બીનખેતીના સર્વે નં. ૫૮૭ પૈકીમા આવેલ રહેણાંક લાયક પ્લોટ નં. ૨૯૧ ની ૩૯૦.૦૦ ચો.મી.** વાળી જમીન ઉપર બાંધવામા આવેલ બંગલો કે જેનુ બાંધકામ ક્ષેત્રફળ કુલ્લે **૧૯૫.૪૮ ચો.મી.** વાળી મીલ્કત ના હાલના કાયદેસરના માલીક **દીપેન કેશવજી ગોસરાની** છે. સદરહું મીલ્કત **દીપેન કેશવજી ગોસરાનીએ નરેશકુમાર પરસોતમભાઈ ગોલકીયા** પાસેથી કાયદેસરના રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હતો, તથા **નરેશકુમાર પરસોતમભાઈ ગોલકીયાએ** ઉપરોકત મિલ્કત **ચંદનબેન કિશોરભાઈ શાહ** પાસેથી ખરીદ કરેલ હતો, તથા **કિશોરભાઈ વી. શાહ** એ ઉપરોકત મિલ્કત **કે કેશવાન** પાસેથી ખરીદ કરેલ હતો, જે અંગેનો ડીડ ઓફ એસાઈનમેન્ટ મે. પારડી ના સબ રજી. સાહેબની કચેરીમાં રજીસ્ટર્ડ **દસ્તાવેજ નંબર ૧૬૧૦ થી તા. ૦૭/૦૮/૧૯૯૧** ના રોજ નોંધાયેલ હતો, જે **અસલ રજીસ્ટર્ડ ડીડ ઓફ એસાઈનમેન્ટ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ તા. ૧૨/૦૬/૨૦૨૩** ના રોજ ગુમ યાને ગેરવલ્લે થયેલ, તથા ઉપરોકત મીલ્કત અંગેની **અસલ રજી. લીઝડીડ યાને ભાડાપટ્ટો જી.આઈ.ડી.સી. એ કે કેશવાન ને તા. ૨૭/૦૭/૧૯૮૪ ના રોજ લીઝડીડ નં. ૧૨૨૨** થી પારડી ના સબ રજી. કચેરી મધ્યે રજીસ્ટર કરી આપેલ હતો, જે **અસલ રજીસ્ટર્ડ લીઝડીડ ની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ તા. ૧૨/૦૬/૨૦૨૩** ના રોજ ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાવી હમો પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે જેથી મજકુર મીલ્કતમાં કોઈનો કોઈપણ લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ, દરદાવો હોય તો તેણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૩** માં હમારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. તેમ ન થતા સદરહું મીલ્કતમાં તેવો કોઈનો કોઈ લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ દરદાવો નથી અને હોય તો જતો કર્યો છે તે જાણી આ નોટીસની મુદત વિત્યે હમો એડવોકેટ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહી તેની નોંધ લેશો.

**દીપેન કેશવજી ગોસરાની વતી**
**સચિન એમ ખેતિયા (એડવોકેટ)**
**ઓફીસ નં. ૨૦૫, ભવ્યા આર્કેડ,**
**આયુષ હોસ્પીટલ પાસે, ને.હા.નં. ૮,**
**વાપી, તા.વાપી, જી.વલસાડ**
**મોબાઈલ નં. ૯૮૨૫૧ ૨૧૯૭૮**

સહિ/-
સચિન એમ ખેતિયા
(એડવોકેટ)

**જાહેર નોટીશ**

આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે,
**વલસાડ ડીસ્ટ્રીકટની સબ ડીસ્ટ્રીકટ વાપી તાલુકાના મોજે વાપી નગરપાલીકા હદ વિસ્તારમાં આવેલ વોર્ડ : વાપી, સીટી સર્વે નં.૧૩૩ વાળી જમીનમાં પાડવામાં આવેલ બીનખેતીના પ્લોટોવાળી નીચે જણાવેલ જમીન મિલકત આવેલી છે.**

| પ્લોટ નં. | ક્ષેત્રફળ | માલીકનું નામ |
|---|---|---|
| ૫ | ૩૩૪.૫૭ ચો.મી | **પ્રિતિ જીતેન્દ્ર દેસાઈ અને સ્વાતી કવલ દેસાઈ** |
| ૮ | ૩૩૪.૫૭ ચો.મી. | રહેવાસી : શાંતીસદન, દેસાઈવાડ, મું.વાપી, તા.વાપી, જી.વલસાડ. |
| ૪૨ | ૪૫૧.૬૭ ચો.મી. | **દર્શન અરવિંદભાઈ દેસાઈ** રહેવાસી : શાંતીસદન, દેસાઈવાડ, મું.વાપી, તા.વાપી, જી.વલસાડ. |
| ૩૯ | ૫૪૮.૪૦ ચો.મી. | **અરિવંદકુમાર પરાગજી દેસાઈ,** |
| ૪૦ | ૩૬૨.૪૫ ચો.મી. | રહેવાસી : શાંતીસદન, દેસાઈવાડ, મું.વાપી, તા.વાપી, જી.વલસાડ. |
| ૪૧ | ૩૬૨.૪૫ ચો.મી. | |
| ૪૪ | ૩૬૨.૪૫ ચો.મી. | |
| ૪૫ | ૩૩૪.૫૭ ચો.મી. | |
| ૪૩ | ૪૯૭.૨૧ ચો.મી. | **ચંદ્રકાંત પરાણજી દેસાઈ,** રહેવાસી : શાંતીસદન, દેસાઈવાડ, મું. વાપી, તા.વાપી જી.વલસાડ. |

સદરહુ ઉપર જણાવેલ **કુલ્લે ૯(નવ)** રહેઠાણના પ્લોટોવાળી મિલકત, ઉપર જણાવેલ માલીકો પાસેથી હમારા અસીલે વેચાણ લેવાનું નકકી કરી, જરૂરી બ્યાના / પાર્ટપેમેન્ટની ચુકવણી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી, બેંક કે ખાનગી ફાઈનાન્સરનો મોર્ગેજ હકક, ગીરો હક્ક, લાગભાગ, હકક, હિત, હિસ્સો, લીયન હકક, સુખાધિકાર, માર્ગાધિકાર, ભરણપોષણનો હકક કે કબજા હકક કે વહેચણ કે કૌટુંબીક તકરાર કે અન્ય કોઈ હકક હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી **દિન-૭ (સાત)** માં દસ્તાવેજી પુરાવા રજી.પો.એડી.થી મોકલવા અન્યથા અન્ય કોઈનો કોઈપણ હકક, હિત, હિસ્સો નથી. અને / અથવા જતો કરી રીલીઝ કર્યો છે તેમ ગણાશે. અને મુદત વીત્યા બાદ હમારા અસીલ સદરહું મિલકત અંગે બાકી પેમેન્ટની ચુકવણી કરીને, જરૂરી પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હમારા અસીલની તરફેણમાં કરાવી લેશે. ત્યારબાદ અન્યની કોઈ તકરાર કે વાંધો, વિરોધ, હરકત ગ્રાહય ગણાશે નહી. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.
(નોધ - પુરાવા સિવાયનો વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહી.)

**ઓફીસ : ૧૦૯, સી. બી. દેસાઈ ચેમ્બર્સ,**
**ગુંજન સીનેમા પાસે, જી.આઈ.ડી.સી. વાપી**
**તા.વાપી, જી.વલસાડ.**
**મો : ૯૪૨૭૧ ૪૦૧૦૧**

**હમારા અસીલની સુચનાથી**
સહિ/-
(શ્રીમતી ભારતીબેન કે. બ્રહમભટ્ટ)
એડવોકેટ એન્ડ નોટરી

**isarc ઈન્ડિયા એસએમઈ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લીમીટેડ**
(CIN: U67190MH2008PLC181062)
રજીસ્ટ્રર્ડ ઓફિસ : સ્વાવલંબન ભવન, સી-૧૧, જી-બ્લોક, બ્રાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા (ઈસ્ટ), મુંબઇ - ૪૦૦૦૫૧
ફોન : +૯૧ ૮૬૫૭૫૨૩૩૪ ઈ-મેઈલ : isarc@isarc.in વેબસાઈટ : www.isarc.in

**ઓમકારેશ્વર સ્ટીલ એન્ડ એલોયઝ પ્રા. લી.મી.**ના ફાયનાન્સિયલ એસેટસ્ પેટર્નિંગ, તરીકે ઉભી કરેલ **ISARC-SIDBI III/2017-18** ના ટ્રસ્ટી તરીકે
**ઈ-હરાજી વેચાણ નોટીસ**
અત્રેથી જાહેરજનતાને અને ખાસ કરીને દેણદાર(રો) અને જમીન (નો) ને નોટીસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકત જે સિકયોર્ડ કેડીટર્સને ગિરવે મુકેલ છે. તેનો કબ્જો સિકયુરીટીઝાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમિન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (સરફાસી) અને સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમિન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮ તથા ૯ (૧) સાથે વાંચતાની જોગવાઈઓ હેઠળ **ISARC** (સિકયોર્ડ કેડીટર્સ) ના અઅધિકૃત અધિકારી પાસે છે. જેને ટેન્ડર મંગાવીને 'જયાં છે, જેમ છે' અને 'જે છે' તથા 'ત્યાં જે પણ છે' તથા 'નો રીકોર્સ' ના આધારે વેચવામાં આવશે.

| દેણદારના નામ | **ઓમકારેશ્વર સ્ટીલ એન્ડ એલોયઝ પ્રા. લી.મી.** |
|---|---|
| જામીનો અને ગિરવે મુકનાર/ડીરેકટરો ના નામ | ૧. શ્રી રાજકુમાર શર્મા (પ્રોમોટર, ડાયરેકટર, ગિરવે મુકનાર અને જામીનો)<br>૨. શ્રીમતી સુમન શર્મા<br>૩. શ્રીમતી દ્રોપદી શર્મા<br>૪. શ્રી રતન શર્મા<br>૫. શ્રી પુરુષોતમ લાલ મુરર્કા<br>૬. મેસર્સ સત્યમ સ્ટીલ એન્ડ અલ્લોયસ પ્રા. લીમી. બ્રાઈન્હટ |
| ISARC ને બાકી રકમની વિગતો | ૩૦/૦૬/૨૦૨૩ ના રૂા. ૮,૨૩,૫૨,૬૯૩.૯૩ |
| વેચાણ માટેની મિલકત / એસેટની વિગતો | મિલકત, વર્ણન- દાદરા અને નગર હવેલીમાં અંદાજે ૬૦૦૦ સ્કવે.મી. ધરાવતી સર્વે નં. ૨૨૯/૨, સાયલી, સેલવાસ ખાતે આવેલ ઈન્ડસ્ટ્રીયલ લેન્ડ અને સ્ટ્રકચર જેની સરહદો :<br>ઉત્તર અથવા ઉત્તર બાજુએ : પ્લોટ નં. ૨૨૮/૧/૨<br>પૂર્વ અથવા પૂર્વ બાજુએ : પ્લોટ નં. ૨૩૨<br>પશ્ચિમ અથવા પશ્ચિમ બાજુએ : પ્લોટ નં. ૨૨૯/૧<br>દક્ષિણ અથવા દક્ષિણ બાજુએ : પ્લોટ નં. ૨૩૦/૫ |
| રિઝર્વ પ્રાઈઝ | રૂા. ૩,૩૯,૦૦,૦૦૦/- |
| બાનાની રકમ (ઈએમડી) | રૂા. ૩૩,૯૦,૦૦૦/- |
| સ્થળ પર નિરીક્ષણની તારીખ અને સમય | માત્ર જુલાઈ ૨૫,૨૦૨૩ના ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક વચ્ચે |
| ઓફરો ભરવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ | માત્ર ઓનલાઈન મોડથી જુલાઈ ૨૭,૨૦૨૩ના સાંજે ૫ : ૦૦ કલાક સુધી |
| હરાજી માટેની તારીખ, સમય અને સ્થળ | તા. ૨૮ મી, જુલાઈ ૨૦૨૩ના સવારે ૧૧.૦૦ કલાકથી ૧૨.૦૦ કલાક (બપોર) સુધી દરેક પછી પાંચ મીનીટના અમર્યાદિત વધારા સાથે.<br>હરાજી આઈએસઆરસીએ ના માન્ય સેવાપુરી પાડનાર સી૧ ઈન્ડિયા પ્રા. લી., ઉદ્યોગ વિહાર, ફેઝ ૨, ગોલ્ડ પેટ્રોકેમ બિલ્ડીંગ નં. ૩૦૧, ગુરગાંવ, હરિયાણા, પીન : ૧૨૨૦૧૫, હેલ્પલાઈન નં. ૭૨૮૧૯૮૧૧૨૪/૨૫ /૨૬, +૯૧-૯૫૮૪૫૯૫૫૫, હેલ્પલાઈન ઈ-મેલ આઈડી :support@bankeauctions.com વેબસાઈટ : www.bankeauction.com મારફતે ઓનલાઈન યોજાશે.<br>નોંધ મહેરબાની કરીને વેબસાઈટ : www.bankeauction.com પર મુકેલ બિડર પાર્ટીસીપેશન અને ઓનલાઈન બિડીંગ મેન્યુઅલને જુઓ. |
| ઈ-ટેન્ડર ફોર્મર | ટેન્ડર ફોર્મ, ઓરફ લેટર અને અન્ય વિગતવાર શરતો અને ધોરણો www.isarc.in પરથી ડાઉનલોડ કરી શકાય છે. |
| સંચાલન કરનાર અધિકારીની વિગતો | ગીથા કુમાર, (સીએમ),... ૯૩૨૦૪૫૨૩૪<br>પરેશ મખવાણા, જેવીડી રીકવરી એજન્સી લીમીટેડ - ૯૮૨૪૮૬૫૯૦ |
| નોટીસ | આ પ્રકાશનઓ ઉપર દર્શાવેલ - દેણદાર/જામીનોને સિકયુરીટી એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ્સ ૮(૬) હેઠળ ૩૦ દિવસની નોટિસ પણ છે. અત્યાર સુધીની દેણદાર અને જામીનો ઉપરદર્શાવેલ સમગ્ર બાકી રકમ વ્યાજ અને કિંમતો સાથે ભરપાઈ કરી દઈને તેમનું લોન ખાતુ બંધ કરાવી સિકયુર્ડ એસેટને ઉગારી શકે છે. |

તારીખ : ૧૬/૦૬/૨૦૨૩
સ્થળ : મુંબઇ

સહી/
અધિકૃત અધિકારી,
**ISARC-SIDBI III/2017-18** ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ઈન્ડિયા એસએમઈ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લીમી.

**પશ્ચિમ રેલ્વે બાન્દ્રા ટર્મીનસ અને જબલપુર વચ્ચે ખાસ સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનોના ફેરાઓ લંબાવશે**

| ટ્રેન નં. | પ્રસ્થાન | ગંતવ્ય | ફેરાનો દિવસ | સુધી લંબાવાશે |
|---|---|---|---|---|
| ૦૨૧૩૩ | બાન્દ્રા ટર્મીનસ | જબલપુર | શનિવાર | ૩૦.૦૯.૨૦૨૩ |
| ૦૨૧૩૪ | જબલપુર | બાન્દ્રા ટર્મીનસ | શુકવાર | ૨૯.૦૯.૨૦૨૩ |

સંબંધિત સ્પેશિયો ટ્રેનોના રોકાણના સમયની વિગતવાર માહિતી માટે મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો

ટ્રેન નં. ૦૨૧૩૩ ના લંબાવેલા ફેરાઓ માટેનું બુકીંગ પીસીઆર કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર તા.૧૬/૦૬/૨૦૨૩ના ખુલશે. ઉપરોકત ટ્રેનો ખાસ ટ્રેન તરીકે ખાસ દરોએ દોડશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: twitter.com/WesternRly
Azadi Ka Amrit Mahotsav

બધી આરક્ષિત ટિકીટો માટે ઓળખપત્ર સાથે રાખો.

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટ